eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 301
December 13, 2012

## માહે ડીસેમ્બર ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ડીસેમ્બર માસ દરમ્યાન ૩૭૩૬ ઈન્ડોર તથા ૩૬૨૬૦ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૩૫ તથા ૫૭૩ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૧૪૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૬૭૬ અને જુના ૧૪૩૧ દર્દીઓ સહીત કુલ ૨૧૦૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની તમામ શાળામાં "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ"

ગુજરાતની ભાવિ પેઢી એવા ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ૧૪ વર્ષની આયુ સુધીના શાળાએ ન જતાં બાળકોને સ્વસ્થ, આરોગ્યપ્રદ અને સંસ્કારી બનાવવા માટે ગુજરાત સરકાર ધ્વારા વર્ષ ૧૯૯૬થી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ પ્રતિ વર્ષ અમલમાં લાવવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત બાળકની પ્રાથમિક તપાસણીથી શરૂ કરી આપવા જોગ તમામ સારવાર, દવા, તપાસ વગેરે બધુ જ વિના મૂલ્યે કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના તમામ હેલ્થ સેન્ટરો ધ્વારા પ્રાથમિક તપાસ અને સ્થળ ઉપર દવા વગેરે આપી જો જરૂર જણાય તો વધુ સારવાર સ્મીમેર–મસ્કતિ કે સિવિલ હોસ્પિટલ ખાતે વિના મૂલ્યે આપવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાંતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૯/૦૧/૨૦૧૨ના રોજ જોગાણીનગર પાર્ટીપ્લોટ, રાંદેર રોડ, સુરત ખાતે કાઈટ ફેસ્ટીવલમાં પતંગ પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખુબ જાણીતું છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે આ પ્રદર્શનમાં પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની જાણકારી દર્શાવવામાં આવી છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૨"નું આયોજન



ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૨" નું આયોજન જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુમાં આવેલ સુરત મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટમાં, અડાજણ, સુરત ખાતે તા.૦૯/૦૧/૨૦૧૨ના રોજ સવારે ૯.૦૦ કલાકથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં અલગ અલગ ૧૨ દેશમાંથી આવેલ ૩૨થી પણ વધુ ઈન્ટરનેશનલ કાઈટીસ્ટોને કુમકુમ તિલક કરી બાળાઓએ આવકાર આપ્યો હતો. ગુજરાતની આગવી ઓળખ આપતી ડાંગી નૃત્યની રજુઆત કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ તથા એપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઈઝ લિ.ના સહયોગથી સ્મીમેર ખાતે વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ તથા એપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઈઝ લિ.ના સહયોગથી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત સ્મીમેર ખાતે તા.૯/૧/૨૦૧૨ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રેડિયોલોજી વિભાગમાં અલ્ટ્રાડાયગ્નોસ્ટીક સેન્ટર વિભાગ હેઠળ એમઆરઆઈ તથા સીટી સ્કેન સેન્ટર, ડીજીટલ એન્ડ કમ્પ્યુટરાઈઝડ એકસ–રે તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ડીસેમ્બર ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ડીસેમ્બર માસ દરમ્યાન ૩૭૩૬ ઈન્ડોર તથા ૩૬૨૬૦ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૩૫ તથા ૫૭૩ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૧૪૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૬૭૬ અને જુના ૧૪૩૧ દર્દીઓ સહીત કુલ ૨૧૦૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૩૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૩૮૮ તથા આંખ વિભાગમાં ૨૭૧૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૮૩૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની તમામ શાળામાં ''શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ''

ગુજરાતની ભાવિ પેઢી એવા ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ૧૪ વર્ષની આયુ સુધીના શાળાએ ન જતાં બાળકોને સ્વસ્થ, આરોગ્યપ્રદ અને સંસ્કારી બનાવવા માટે ગુજરાત સરકાર ધ્વારા વર્ષ ૧૯૯૬થી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ પ્રતિ વર્ષ અમલમાં લાવવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત બાળકની પ્રાથમિક તપાસણીથી શરૂ કરી આપવા જોગ તમામ સારવાર, દવા, તપાસ વગેરે બધુ જ વિના મૂલ્યે કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના તમામ હેલ્થ સેન્ટરો ધ્વારા પ્રાથમિક તપાસ અને સ્થળ ઉપર દવા વગેરે આપી જો જરૂર જણાય તો વધુ સારવાર સ્મીમેર–મસ્કતિ કે સિવિલ હોસ્પિટલ ખાતે વિના મૂલ્યે આપવામાં આવે છે. ઓપરેશનની જરૂરિયાતવાળા કે સુરતમાં સારવાર શકય ન હોય તેવા દર્દીઓને અમદાવાદ રીફર કરી ત્યાં પણ ઓપરેશન સહીતની તમામ સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષે આશરે ૯ લાખથી વધુ બાળકોની આરોગ્ય તપાસણી કરી જરૂરીયાતવાળા બાળકોને સ્થાનિક સ્તરે તમામ સારવાર વિના મૂલ્યે ઉપલબ્ધ કરાય છે. વિશેષ સારવારની આવશ્યકતાવાળા બાળકોને આગળની સારવાર કે ઓપરેશન માટે અમદાવાદ મોકલી વિના મૂલ્યે અનેક બાળકોનું અમૂલ્ય જીવન બચાવી શકાયું છે.

સુરત ખાતે પાંડેસરા વિસ્તારમાં રહેતા શ્રમજીવી શ્રી રાજેન્દ્ર પપ્પુસિંહ પાંડેના ૧૭ વર્ષીય પુત્ર શ્રી ઓમ પ્રકાશ પાંડેને ૦૮ વર્ષની ઉમરમાં કીડનીની બિમારી થતાં આ શ્રમજીવીની પરીવાર ઉપર આભ તુટી પડયું હતું, અધુરામાં પુરુ સ્થાનિક સ્તરે ડોકટરો પાસે સારવાર કરાવતા તેઓએ પોતાનું ઘર વેચવું પડયું અને ભાડાના મકાનમાં રહેવા લાગ્યા. સારવાર માટે વધુ પૈસાની જરૂર પડતા પોતાના વ્હાલસોયા બાળકની જીંદગી બચાવવા તેઓએ ગામમાં વડીલોપાર્જીત જમીન પણ વેચી નાંખી અને બાળકનો ઈલાજ ચાલુ રાખ્યો અને તેઓની પાસે પૈસા ખુટી પડતાં તેઓ જે ડાઈગમીલમાં નોકરી કરતા હતા ત્યાંના સ્ટાફે ફાળો એકત્ર કરી તેઓને આર્થિક સહાય કરી પરંતુ દર વર્ષે આશરે ૪ લાખના ખર્ચને પહોંચવું આ પરીવાર માટે અશકય લાગતું હતું. ત્યાં જ બાળકની શાળામાં તપાસણી માટે આવેલા સુરત મહાનગરપાલિકાના મેડીકલ ઓફીસર ધ્વારા આ બાળકને મફત સારવારની મંજુરીની કાર્યવાહી કરી અમદાવાદ મોકલવામાં આવ્યાં હતાં, જયાં ''ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ'' ખાતે બાળકની સંપૂર્ણ સારવારનો ખર્ચ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સરકારે ઉપાડયો અને આ સારવાર થકી બાળક આજે સંપુર્ણ સ્વસ્થ જીવન વ્યતિત કરી રહેલ છે. બાળકની છેલ્લા ૦૪ વર્ષથી સારવાર સંપુર્ણ વિના મૂલ્યે થઈ રહી છે અને આ શ્રમજીવી પરીવાર આફતના વાદળોમાંથી શાળા આરોગ્ય તપાસણીની આ યોજના ધ્વારા હેમખેમ બહાર આવ્યો છે. શાળા આરોગ્ય તપાસણીની આ યોજના પપ્પુસિંહ પાંડે અને એના જેવા અનેક પરીવારો માટે આર્શિવાદરૂપ સાબિત થયેલ છે. જે માટે સુરત મહાનગરપાલિકા અને રાજય સરકાર ધન્યવાદને પાત્ર છે. આપના બાળકની નાની–મોટી તમામ પ્રકારની બિમારીની સારવાર આ યોજના હેઠળ કરાવવા સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર અપીલ કરવામાં આવે છે.

TOP

## સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાંતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૯/૦૧/૨૦૧૨ના રોજ જોગાણીનગર પાર્ટીપ્લોટ, રાંદેર રોડ, સુરત ખાતે કાઈટ ફેસ્ટીવલમાં પતંગ પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખુબ જાણીતું છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે આ પ્રદર્શનમાં પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની જાણકારી દર્શાવવામાં આવી છે. આ પ્રદર્શન તા.૧૦/૦૧/૨૦૧૨ થી તા.૨૯/૦૧/૨૦૧૨ દરમ્યાન સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦ કલાક સુધી(તા.૧૪/૦૧/૨૦૧૨ મકરસંક્રાંતિ અને તા.૨૬/૦૧/૨૦૧૨ પ્રજાસત્તાક દિનની જાહેર રજા સિવાય) જાહેર જનતા માટે સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરી ખાતે નિહાળી શકશે. આ પતંગ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી.

TOP

# ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૨"નું આયોજન



ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૨" નું આયોજન જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુમાં આવેલ સુરત મહાનગરપાલિકાના ખુલ્લા પ્લોટમાં, અડાજણ, સુરત ખાતે તા.૦૯/૦૧/૨૦૧૨ના રોજ સવારે ૯.૦૦ કલાકથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં અલગ અલગ ૧૨ દેશમાંથી આવેલ ૩૨થી પણ વધુ ઈન્ટરનેશનલ કાઈટીસ્ટોને કુમકુમ તિલક કરી બાળાઓએ આવકાર આપ્યો હતો. ગુજરાતની આગવી ઓળખ આપતી ડાંગી નૃત્યની રજુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાની બાળાઓએ સ્વાગત નૃત્ય પ્રદર્શિત કર્યું હતું. શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગે ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા આ રીતના ત્રીજા આયોજનથી દેશ વિદેશમાં ગુજરાત અને સુરતની આગવી પ્રતિભા પ્રદર્શિત થઈ રહી છે અને વિદેશથી આવેલ મહેમાનોને સવિશેષ આવકાર્યા હતા. સુરતના સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષે પ્રસંગોચિત ઉદબોધનમાં જણાવ્યું હતું કે વિદેશથી પધારેલ આંતરરાષ્ટ્રીય કાઈટીસ્ટો પોતાની અલગ અલગ ઢબે પતંગો ઉડાવી આ પ્રસંગને અનોખો બનાવશે તથા આવા આયોજન માટે સુરત મહાનગરપાલિકાનો આભાર માન્યો હતો. શહેરના પ્રથમ નાગરિક અને માન.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ આ ઉત્સવથી ૧૨ દેશમાંથી પધારેલ આંતરરાષ્ટ્રીય કાઈટીસ્ટો પોતાના ભાતીગળ પતંગો ઉડાવી વિશ્વમાં અમન અને ચેનનો સંદેશો અત્રેથી લઈ જશે અને તેનો ફેલાવો કરશે. તેવી શુભેચ્છા પાઠવી હતી. તથા સમાજનો દરેક વર્ગ પોતાના ક્ષેત્રમાં આગળ વધી પતંગની જેમ ઉચા શિખરો પ્રાપ્ત કરે તેવી શુભકામના દર્શાવી હતી.



આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ઓસ્ટ્રીયા, હોલેન્ડ, યુ.એસ.એ., મોઝામ્બીક, જર્મની, ન્યુઝીલેન્ડ, સાઉથ આફ્રિકા, થાઈલેન્ડ, કંબોડીઆ, સીંગાપોર, મલેશીયા, ફ્રાન્સ એમ કુલ ૧૨ દેશોમાંથી આવેલા ૩૨ ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો તેમના વિવિધ આકારોવાળી કાપડ, ફાઈબર, ગ્લાસથી બનેલ ફીશ ટાઈપ, મેન્ટીરાઈડ, પાઈલોટ કાઈટ, સ્ટીંગવેલ, ડોલફીન કાઈટ, બીઅર, બોટ વિગેરે જેવા મહાકાય તથા મીનીએચર ભાતીગળ પતંગોની ડિઝાઈનોથી સુરતનું આકાશ રંગબેરંગી અને અવનવા પતંગોથી આચ્છાદિત કર્યું હતું. હાજર રહેલ આ તમામ ઈનટરનેશનલ કાઈટીસ્ટોનું મોમેન્ટો અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય કાઈટીસ્ટો સાથે પદાધિકારીશ્રીઓએ ભેગા મળી આકાશમાં રંગબેરંગી ફુગ્ગાઓ સાથે પતંગો છોડી આકાશને વિવિધ રંગોથી આચ્છાદિત કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રવાસન નિગમના ચેરમેનશ્રી કમલેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, ડે.મેયર શ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીગણ, આમંત્રિતો, ઉત્સવપ્રિય નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં. મ્યુ.કમિશનરશ્રી એમ.કે.દાસના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર ફેસ્ટીવલનું આયોજન સુપેરે પાર પાડવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ તથા એપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઈઝ લિ.ના સહયોગથી સ્મીમેર ખાતે વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ તથા એપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઈઝ લિ.ના સહયોગથી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત સ્મીમેર ખાતે તા.૯/૧/૨૦૧૨ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રેડિયોલોજી વિભાગમાં અલ્ટ્રાડાયગ્નોસ્ટીક સેન્ટર વિભાગ હેઠળ એમઆરઆઈ તથા સીટી સ્કેન સેન્ટર, ડીજીટલ એન્ડ કમ્પ્યુટરાઈઝડ એકસ–રે તથા ઓર્થોપાનોટોમી એકસ–રે તથા વોલનટરી બ્લડ બેંકમાં બીસીએસયુ યુનિટ તેમજ પી.એમ.આર.વિભાગ(ફીઝીકલ મેડીકલ એન્ડ રીહેબીલીટાઈજેશન વિભાગ)નું મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ(રાજુ દેસાઈ)ના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સ્મીમેર હોસ્પિટલમાં એપોલો હોસ્પિટલના સહયોગથી અંદાજે ૭૬ લાખના ખર્ચે ડીજીટલ રેડીયોગ્રાફી મશીન તથા ૬.૫ લાખના ખર્ચે ઓપીજી મશીન તેમજ ૮ કરોડના ખર્ચે સીટી સ્કેન તથા એમઆરઆઈ મશીન પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. આ મશીનોથી પેશન્ટનાં સમગ્ર શરીરના કેન્સર, હેમરેજ, હાંડકાના સાંધા, કરોડરજજુના રોગો, લોહીની નળીઓની એન્જીયોગ્રાફી કરી સચોટ નિદાન કરી શકાય. તેનાથી ખુબ જ નજીવા દરે એકસ–રે, ડીજીટલ એકસ–રે,સાદા એકસ–રે કઢાવી શકશે.



બ્લડ બેંકમાં ૭૬ લાખના ખર્ચે બીસીએસયુ મશીન પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. જેનાથી લોહીના ઘટકો છુટા પાડવા તથા રકતઘટકો બનાવવા તેમજ લોહીજન્ય વિવિધ રોગો જેવા કે રકતસ્ત્રાવ, એનિમીયા, હિમોફીલીયા, પ્લેટલેટ ખામીજન્ય રોગોમાં ઉપયોગી થઈ શકશે.

તેમજ પી.એમ.આર.વિભાગ( ફીઝીકલ મેડીકલ એન્ડ રીહેબીલીટાઈજેશન વિભાગ) કાર્યરત કરવામાં આવ્યો છે. જેમાં ફીઝીયોથેરાપી, ઓકયુપેશનલ થેરાપી, પ્રોસ્થેટીક એન્ડ ઓર્થોટીક, સ્પીચ થેરાપી, કલીનીકલ સાયકોલોજી વિગેરેનું નિદાન તેમજ સારવારથી દર્દીઓને શારીરિક, માનસિક અને સામાજીક રીતે સામાન્ય જીવન જીવવા સક્ષમ કરી શકાય તે માટે એમસીઆઈના સૂચન તથા નિર્દેશો અનુસાર સ્મીમેર કોલેજ/હોસ્પિટલમાં શરૂ કરવા માટે ૫૭.૪૧ લાખની ગ્રાંટ મળેલ છે. ઉપરોકત વિવિધ વિભાગોથી જાહેરજનતા વ્યાજબી દરે નિદાન કરાવી શકશે તેમજ સારવાર મેળવી શકશે.



આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જશદોશ, મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, મા.ડે.મેયરશ્રીમતિ વર્ષાબેન રાણા, મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મા.શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા.કમિશનરશ્રી એમ. કે. દાસ, મેનેજીંગ ડીરેકટર, એપોલો હોસ્પિટલ, ડો. સુજાતા નાયડુ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP